## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




મેં પણ બેબીનું નામ પદમાવતીમાંથી પદમાવત કરી દીધા બાદ... જોયું તો દિકરીનાં સાસરે થતાં ઝગડા શમી ગયા...

# વાવોલના વિજધારકો માટે સર્વિસ કાર્યાલય કુડાસણ કરી દેવાતા હાલાકી...!!

**યુજીવીસીએલ કંપનીએ વાવોલના વિજ ગ્રાહકોનું મેપીંગ કુડાસણ ઓફિસે કર્યું પરંતુ વિજધારકોને જાણ ના કરી : બિલ ભરવા કે કમ્પ્લેઈન માટે ચરેડી કાર્યાલયે પહોંચતા ગ્રાહકોને ધરમ ધક્કા..!!**

ગાંધીનગર, તા.૯

ઉત્તર ગુજરાત વિજ કંપનીના ચરેડી ખાતેના કાર્યાલય પરથી વાવોલના વિજ ગ્રાહકો માટેની સર્વિસ હવે બંધ કરી કુડાસણ ખાતેની કંપનીની નવી ઓફિસે તબદીલ કરવામાં આવી છે. જો કે આ બાબતની જાણ વાવોલના વિજ ગ્રાહકોને કરાઈ ના હોવાથી ગ્રાહકો નાની-મોટી ફરિયાદો માટે પરેશાનીનો ભોગ બની રહ્યા છે. તાજેતરમાં જ ઈશ્યુ થયેલા વિજબિલમાં એક ગ્રાહકને મીટર રીડીંગની ભૂલથી ૨૦૦ યુનિટનું બિલ વધુ ફટકારાઈ દેવાયું છે જેની આજે ફરિયાદ કરવા પોતાની ચાલુ નોકરીના સમયે ચરેડી ખાતેની ઓફિસે પહોંચેલા ગ્રાહકને 'આ માટે તો તમારે કુડાસણ જવું પડશે' જેવો જવાબ મળતા ગ્રાહકને ધરમધક્કો પડયો હતો. બિલ ભરવા રૂબરૂ ચરેડી જનારા ગ્રાહકોને પણ ધરમધક્કા પડી રહ્યા છે.

યુજીવીસીએલ કંપનીએ 'દિલ્હીથી દોલતાબાદ'ની જેમ વાવોલના વિજધારકોનું બિલીંગ તથા સર્વિસ કાર્ય કુડાસણ ખાતેની ઓફિસે આશરે એક મહિના અગાઉ ટ્રાન્સફર કરી દીધું છે. આ સર્વિસ ટ્રાન્સફરની જાણ વાવોલના ગ્રાહકોને કરવામાં આવી નથી એટલું જ નહી પરંતુ તાજેતરમાં ઈશ્યુ કરાયેલા વિજબીલ પર પણ આ બાબતની કોઈ જ સૂચના આપવામાં આવી નથી.


આ કારણે રાબેતા મુજબ પોતાના વિજબિલ ભરવા વાવોલના ગ્રાહકો ચરેડી ખાતેના કાર્યાલય પર જાય છે ત્યાંથી 'કુડાસણ ઓફિસે જાવ' જેવો જવાબ પ્રાપ્ત થતા પોતાની નોકરી-વ્યવસાયનો સમય બગાડી બિલ ભરવાનું કાર્ય કરવા ગયેલા ગ્રાહકોને ધરમધક્કો પડતા નિરાશા વ્યાપેલ છે. વિજકંપની દ્વારા વાવોલના ગ્રાહકોને સર્વિસ કાર્યાલય બદલાયાની જાણ કંપની દ્વારા કેમ કરવામાં ના આવી અને હવે ગ્રાહકોને પડી રહેલા ધરમધક્કાને કારણે તેમના ખોરંભે ચઢી રહેલા કાર્યો માટે જવાબદાર કોણ તેવો સવાલ વાવોલના વિજગ્રાહકો પુછી રહ્યા છે.

### મીટર રીડીંગમાં ભૂલથી ૨૦૦ યુનિટનું વધુ વિજબીલ ફટકાર્યું...!!

વાવોલના એક વિજ ધારકને મીટર રીડીંગમાં ભૂલને કારણે ૨૦૦ યુનિટનું વિજબિલ વધુ ફટકારી દેવાયું છે. આ ગ્રાહકના સામાન્ય રીતે ૧૪૦ યુનિટના સરેરાશ વપરાશને બદલે આશરે ૩૫૦ યુનિટ ગણી તેનું મસમોટું બિલ આવી જતા ગ્રાહક હેબતાઈ જવા પામ્યો હતો અને આ બાબતની ફરિયાદ કરી બિલ સુધરાવવા જયારે તે ચરેડી ખાતેની યુજીવીસીએલ કંપનીની ઓફિસે પહોંચ્યો ત્યારે તમારે 'કુડાસણ જવું પડશે' તેવું જણાવી દેવાતા પોતાની નોકરીના સમયે પહોંચેલા ગ્રાહકને ભારે નિરાશા થવા પામી હતી. હવે તેણે કુડાસણ કાર્યાલયે જવા ફરીથી સમય એડજસ્ટ કરવો પડશે.

# જાણીતા કવિ-વાર્તાકાર ઉજમશી પરમારનું નિધન

જાણીતા કવિ, વાર્તાકાર અને નવલકથાકાર ઉજમશી પરમારનું સોમવારે સાંજે નિધન થયું હતું. ટૂંકી બીમારી બાદ તેમણે પોતાની જીવનલીલા સંકેલી હતી. સ્વ. ઉજમશી પરમાર વર્ષો સુધી ગાંધીનગરમાં સરકારી સેવા-ફરજ બજાવી, વયનિવૃત્ત થયા પછી હાંસોલ, અમદાવાદ ખાતે રહેતા હતા. તેમના નિધનના સમાચાર મળતાં ગાંધીનગરના સાહિત્ય જગતમાં ઊંડા શોકની લાગણી પ્રસરી હતી. ગાંધીનગરની સાહિત્ય સભાની વાર્ષિક અને અન્ય બેઠકોમાં પણ તેઓ પ્રસંગોપાત ઉપસ્થિત રહેતા હતા.




ગાંધીનગર સમાચારના પ્રારંભિક તબક્કામાં સ્વ. ઉજમશી પરમારે તેમની વાર્તાઓ તથા નવલકથાઓ થકી નિયમિત યોગદાન આપ્યુ હતુ. ગાંધીનગર સમાચાર પરિવાર વતી તંત્રી કૃષ્ણકાન્ત જહાએ શોકની લાગણી સાથે શ્રદ્ધાંજલિ પાઠવી હતી. ૭૪ વર્ષના આ સર્જકે ચાર વાર્તાસંગ્રહો ઊંચી જાર નીચાં માનવી', 'ટેટ્રાપોડ', 'પંટારો' અને 'હારોહાર' આપ્યા છે. બે વાર્તાસંગ્રહને રાજ્ય સરકાર-ગુજરાત સાહિત્ય અકાદમીના પુરસ્કાર પણ મળ્યા હતા. તેમનો કાવ્ય સંગ્રહ 'ઘટમાં જાલર બાજે' પ્રસિદ્ધ થયો છે, જેમાં એમનાં ઘણાં ગીતો સમાવિષ્ટ થયેલાં છે. તેમણે 'જન્મારો' નામની નવલકથા પણ લખી છે.

ઉજમશી પરમાર-એકદમ સરળ-સાલસ માનવી હોવા સાથે ભારે માણસુડા હતા. જેને મળે, જ્યાં જાય, સહજ મૈત્રીની સુગંધ પ્રસરાવે એવા સરસ અવાજ-રાગે એમને ગીતો ગાતા સાંભળવા એ લહાવો હતો. 'કોડિયા રે લઈને મીં તો જેગવી દીધાં તન' - આ એમનું લખેલું આવું જ મજાનુ ગીત છે. ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિમાં પણ તેઓ ચૂંટાયા હતા. તેઓ ચિત્રકળાના સારા ચાહક-ભાવક સુંદર-ઝીણાં રેખાંકનો કરવાનો એમને શોખ હતો. તળપદી અને ગ્રામ્યની વાર્તા એમના સર્જનની આગવી ઓળખ હતી. એ જ રીતે ગ્રામ્યજીવનને સ્પર્શતા એમનાં ગીતોનાલય રહેતા. વિવિધ સાહિત્યિક સામયિકોમાં એમની રચનાઓ પ્રસિદ્ધ થતી હતી. તેમનો જન્મ તા. ૧૧-૬-૧૯૪૩માં સુરેન્દ્રનગરના લીંબડી ગામે થયો હતો. ગાંધીનગરના સર્જકો, ભાવકો એમને શ્રદ્ધાસુમન પાઠવે છે.

## એસ.જી.એસ.વી. પ્રાથમિક શાળામાં પિકનિકનું આયોજન

એસ.જી.એસ.વી. અંગ્રેજી માધ્યમની શાળામાં વિદ્યાર્થીઓમાં ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓ માટે પિકનિકનું આયોજન થયું હતું. ધોરણ-૧ અને ૨ના વિદ્યાર્થીઓને મહેમદાવાદમાં આવેલા સિદ્ધિ વિનાયકના મંદિરે અને ધોરણ-૩ અને ધો-૪ના વિદ્યાર્થીઓને અમદાવાદમાં આવેલ કાંકરીયા પિકનીક લઈ ગયા હતા. આ પિકનિકમાં ધોરણ-૧ અને ૨ના ૧૭૮ વિદ્યાર્થીઓ જયારે ધોરણ ૩ અને ૪ના ૧૭૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બાળકોએ ત્યાં વિવિધ રાઈડસની મજા માણી હતી.

# આરસોડીયા રોડ પર ચાલતા જતા યુવાનનું વાહનની અડફેટે મૃત્યુ

**અજાણ્યા વાહને ટક્કર મારી કલોલના યુવાનને મોતને ઘાટ ઉતાર્યો ને આરોપી વાહન સાથે ફરાર થઈ ગયો**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર નજીક જામનગરપરાથી આરસોડીયા ગામ તરફ જતા માર્ગ પર ગઈકાલે સાંજના અરસામાં કલોલ રહેતો યુવાન ચાલતો ચાલતો જઈ રહ્યો હતો તે દરમ્યાન બેફામ ગતિએ નિકળેલા અજાણ્યા વાહને યુવાનને જબરજસ્ત ટક્કર મારતા તેને ગંભીર હાલતમાં હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યાં સારવાર દરમ્યાન યુવાનનું પ્રાણ પંખેરૂ ઉડી ગયુ છે. પેથાપુર પોલીસે અજાણ્યા વાહનના ચાલક સામે ગુનો દાખલ કરી આરોપી સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

કલોલના હાજીવાસમાં રહેતો યુવાન રાણાભાઈ પ્રજાપતિ તેના ફુવા હરખાભાઈ હેમાભાઈ પ્રજાપતિના ઘરે રહેતો હતો. રાણાભાઈ પ્રજાપતિ ગઈકાલે જામનગરપરાથી આરસોડીયા રોડ પર સાંજે ૬ થી ૭ વાગ્યાના અરસામાં ચાલતો જઈ રહ્યો હતો. તે દરમ્યાન કોઈ અજાણ્યા વાહને રાણાભાઈને અડફેટે લઈ લેતા તે ગંભીર રીતે ઘવાયો હતો. હોસ્પિટલમાં દાખલ કરાયેલા રાણાભાઈનું ગંભીર ઈજાઓના પગલે સારવાર દરમ્યાન કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યુ છે. પેથાપુર પોલીસે મૃતદેહ પીએમ કરાવીને મૃતકના ફુવા હરખાભાઈ પ્રજાપતિની ફરીયાદ આધારે ગુનો નોંધી અજાણ્યા વાહનચાલક આરોપી સુધી પહોંચવા તપાસ તેજ બનાવી છે.



ઈનામ વિતરણ સમારોહ : દંઢાવ્ય ઔદિચ્ય બ્રહ્મ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ વાવોલ એમ. બી. પટેલ વિદ્યાલય ખાતે યોજાયો હતો. સમાજના તેજસ્વી છાત્રોને માનવંતા મહેમાનોના વરદ્હસ્તે ઈનામ તથા સન્માનપત્ર એનાયત કર્યા હતા. આ પ્રસંગે સમાજના હોદ્દેદારો અને સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગર આંજણા સમાજના પ્રમુખપદે કનુભાઈ ડી. ચૌધરી

ગાંધીનગર આંજણા (ચૌધરી) સમાજના પ્રમુખ પદે યુવા અગ્રણી શ્રી કનુભાઈ ડી. ચૌધરી (પ્રમુખ ગ્રૃપ)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. વિજાપુર એ.પી.એમ.સીના વાઈસ ચેરમેન તરીકે કાર્યરત શ્રી કનુભાઈ ચૌધરીની વરણી થતાં પાટનગરમાં વસવાટ કરતાં ૧૨૦૦ જેટલાં ચૌધરી પરિવારો સહિત સમાજના અગ્રણીઓ અને હોદેદારોમાં આનંદની લાગણી ફેલાઈ છે. ગાંધીનગરમાં ચૌધરી સમાજના ભવન સહિતના વિવિધ પ્રશ્નો અને સમાજની સેવાકીય પ્રવૃત્તિઓને વધુ બળ મળે તે માટે આગામી સમયમાં ચૌધરી સમાજના વિકાસલક્ષી પ્રશ્નોનુંનિરાકરણ થાય તેવા સામૂહિક પ્રયાસો હાથ ધરાશે.

ચૌધરી સમાજના ભવનના નિર્માણની કામગીરીને વધુ વેગ મળે અને ઝડપી કાર્યવાહી થાય તે માટે કન્વીનર તરીકે શ્રી વિષ્ણુભાઈ એન. ચૌધરી (મેટ્રોગ્રૃપ) અને મહામંત્રી તરીકે શ્રી ઈશ્વરભાઈ ચૌધરીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

